પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૨૨, શુક્રવાર; શ્રાવણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગુજરાતમાં મંકીપોક્સનો શંકાસ્પદ કેસ

### જામનગરમાં શંકાસ્પદ કેસ નોંધાયો : દર્દીને ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં દાખલ કરાયો છે દર્દીના નમૂના ગાંધીનગરના લેબમાં તપાસ અર્થે મોકલાયા



જામનગર, તા.૪

ગુજરાતમાં મંકીપોક્સનો શંકાસ્પદ કેસ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જામનગરમાં મંકીપોક્સનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. મંકીપોક્સના લક્ષણ ધરાવતો શંકાસ્પદ દર્દી જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં દર્દી દાખલ કરવામાં આવ્યો છે. હાલ દર્દીના નમૂના ગાંધીનગરના લેબમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. જ્યારે આઈસોલેશન વોર્ડમાં દર્દી સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, જામનગરની ૪૪ હોસ્પિટલમાં મંકી પોક્સના લક્ષણ ધરાવતો શંકાસ્પદ દર્દી દાખલ કરવામાં આવ્યો છે.

નાગનાથ ગેટ વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય પુરુષને જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ દર્દીના નમુના લઈને ગાંધીનગરના લેબમાં મોકલવામાં આવ્યા છે. બીજી બાજુ ૪૪ હોસ્પિટલની નવી બિલ્ડીંગમાં આઈસોલેશન વોર્ડમાં મંકી પોક્સનો શંકાસ્પદ દર્દીને સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

મંકીપોક્સ વાસ્તવમાં શીતળા જેવો જ દુર્લભ વાયરલ ચેપ છે. તે સૌપ્રથમ ૧૯૫૮ માં સંશોધન માટે રાખવામાં આવેલા વાંદરાઓમાં મળી આવ્યું હતું. એકવાર આ રોગ વાંદરાઓમાં ફેલાયો હતો, તેથી તેને મંકીપોક્સ નામ આપવામાં આવ્યું હતું. માનવીઓમાં મંકીપોક્સનો પ્રથમ કેસ ૧૯૭૦માં નોંધાયો હતો.

## દિલ્હીમાં મંકીપોક્સના ચોથા કેસની પુષ્ટિ

નવી દિલ્હી, તા.૪

ભારતમાં મંકીપોક્સના કેસ વધી રહ્યા છે. દિલ્હીમાં ૩૧ વર્ષની એક મહિલાને મંકીપોક્સનો ચેપ લાગ્યો છે. તે જ સમયે, હવે દેશમાં મંકીપોક્સના દર્દીઓની સંખ્યા વધીને નવ થઈ ગઈ છે. દિલ્હીમાં અત્યાર સુધીમાં મંકીપોક્સના ચાર કેસ નોંધાયા છે. લોકનાયક જયપ્રકાશ હોસ્પિટલમાં બે દર્દીઓની સારવાર ચાલી રહી છે. દેશમાં પ્રથમ વખત કોઈ મહિલાને મંકીપોક્સ પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું છે. મહિલા નાઈજીરિયાની છે, પરંતુ હાલમાં પશ્ચિમ દિલ્હીમાં રહેતી હતી. દિલ્હી સરકારના જણાવ્યા અનુસાર, જો જરૂર પડશે તો હોસ્પિટલો અને આઈસોલેશન રૂમની સંખ્યા વધુ વધારી શકાય છે.

## ઈડીએ સંજય રાઉતના પત્ની વર્ષા રાઉતને મોકલ્યું સમન્સ

મુંબઈ, તા.૪

કેન્દ્રીય એજન્સી ઈડીએ પાત્રા ચાલ મામલામાં ધરપકડ કરાયેલા શિવસેના સાંસદ સંજય રાઉતની પત્ની વર્ષા રાઉતને સમન્સ પાઠવ્યું છે. ઈડીએ તેમને શુક્રવારે સવારે ૧૧ કલાકે પૂછપરછ માટે બોલાવ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટે જણાવ્યું કે વર્ષા રાઉતના ખાતામાં વહીવટ બાદ સમન્સ પાઠવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે ઈડીએ ગોરેગાંવમાં પાત્રા ચાલના પુનર્વિકાસમાં કથિત નાણાકીય અનિયમિતતાઓ અને તેમની પત્નીની સંપત્તિ સાથે જોડાયેલ નાણાકીય લેતીદેતીના સંબંધમાં રાઉતની રવિવારે ધરપકડ કરી હતી. આજે સંજય રાઉતને મુંબઈની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

જ્યાં કોર્ટે સંજય રાઉતને એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટને આપવામાં આવેલી કસ્ટડીનો સમયગાળો ૮ ઓગસ્ટ સુધી વધારી દીધો છે. કોર્ટે કસ્ટડીનો સમયગાળો વધારતા કહ્યું કે ઈડીએ તપાસમાં ખુબ પ્રગતિ કરી છે.

## જસ્ટિસ યુયુ લલિત બની શકે છે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા

નવી દિલ્હી, તા.૪

જસ્ટિસ યુયુ લલિત દેશના આગામી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બની શકે છે. ભારતના હાલના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન વી રમનાએ આગામી ઝતૈં માટે જસ્ટિસ ઉદય ઉમેશ લલિત ના નામની ભલામણ કરી છે. તેમણે સીલબંધ કવર કાયદા અને ન્યાયમંત્રીને સોંપી દીધુ છે.

અત્રે જણાવવાનું કે પરંપરાગત રીતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પોતાની વરિષ્ઠતાના આધારે ઝતૈં તરીકે કાર્યભાર સંભાળતા ભારતના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન વી રમનાએ આગામી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા માટે યુયુ લલિતના નામની ભલામણ કરી છે.

ભારતના હાલના ચીફ જસ્ટિસ એન વી રમના આગામી ૧૬ ઓગસ્ટના રોજ પદ પરથી રિટાયર થઈ રહ્યા છે. આવામાં અત્યાર સુધી ચાલી આવતી પરંપરા મુજબ તેમણે જસ્ટિસ યુયુ લલિતના નામની ભલામણ સરકારને મોકલી છે. ઝતૈં રમનાએ ભલામણ પત્ર કાયદા અને ન્યાય મંત્રીને સોંપી દીધો છે.

જસ્ટિસ યુયુ લલિતનું આખું નામ ઉદય ઉમેશ લલિત છે. તેઓ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ છે. આ અગાઉ તેમણે સુપ્રીમ કોર્ટમાં એક વરિષ્ઠ વકીલ તરીકે પ્રેક્ટિસ કરેલી છે.

## અર્પિતા મુખર્જીની પાસે હતી ૩૧ એલઆઈસી પોલિસી

### એવા પૂરાવા મળ્યા છે કે ૩૧ એલઆઈસી પોલિસીમાં અર્પિતાએ પાર્થ ચેટર્જીને નોમિની બનાવ્યા છે

કોલકત્તા, તા.૪

શિક્ષણ કૌભાંડને લઈને ઈડી સતત તપાસ કરી રહી છે. ઈડીની તપાસ બાદ દરરોજ નવા-નવા ખુલાસા થઈ રહ્યાં છે. આવો એક ખુલાસો અર્પિતા મુખર્જીને લઈને થયો છે. તેની પાસે એલઆઈસીની કુલ ૩૧ પોલિસી હતી. સૌથી મોટી વાત છે કે તમામ પોલિસીમાં નોમિની પાર્થ ચેટર્જી નિકળ્યા. હવે અર્પિતાની પોલિસીમાં પાર્થને નોમિની બનાવવા જ તપાસ એજન્સીના મનમાં ઘણા સવાલ ઉભા થઈ રહ્યાં છે. કહેવામાં આવી રહ્યું છે કે મોટા સ્તર પર બંનેએ મિલીભગત દ્વારા ખેલ કર્યાં છે.

આ તમામ જાણકારી ઈડીની રિમાન્ડ કોપીમાં સામે આવી છે, જેમાં તે ખુલાસો કરવામાં આવ્યો કે બંને પાર્થ અને અર્પિતા એપીયૂ યુટીલિટી કંપનીમાં ભાગીદાર હતા. અર્પિતાએ કેશ આપી કેટલાક ફ્લેટ ખરીદ્યા હતા.

## સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાન સાથે છેલ્લે બંધ થયા

### સવારે તેજી બાદ ધડામ થયું બજાર : સેન્સેક્સ ૫૧.૭૩ પોઈન્ટ ઘટીને ૫૮૨૯૮.૮૦ સ્તરે જ્યારે નિફ્ટી ઘટાડા સાથે ૧૭૩૮૨ના સ્તરે બંધ થયો

નવી દિલ્હી, તા.૪

શેરબજારમાં આજે ભારે ઉથલપાથલ જોવા મળી. ગ્લોબલ માર્કેટમાંથી મળેલા સારા સંકેતોના પગલે આજે સવારે સેન્સેક્સ અને નિફ્ટી લીલા નિશાન સાથે ખુલ્યા પરંતુ ત્યારબાદ માર્કેટ ધડામ થવા લાગ્યું. બજાર બંધ થયું ત્યારે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક સેન્સેક્સ ૫૧.૭૩ પોઈન્ટ ઘટીને ૫૮૨૯૮.૮૦ સ્તરે બંધ થયો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક નિફ્ટી ૬.૨૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૭૩૮૨ ના સ્તરે બંધ થયો. રિયાલ્ટી, બેંકિંગ, ફાઈનાન્શિયલ સર્વિસિઝ સેક્ટર્સમાં કડાકા બાદ બજાર પર દબાણ વધ્યું. જો કે ઓટો, આઈટી, મેટલ અને ફાર્મા સેક્ટરમાં ખરીદી જોવા મળી.

નિફ્ટીમાં ટોપ ગેઈનર્સમાં સિપ્લા, નેસલે, સન ફાર્મા, ઈન્ફોસિસ, એપોલો હોસ્પિટલના શેર જોવા મળ્યા. જ્યારે સેન્સેક્સમાં ટોપ ગેઈનર્સમાં સન ફાર્મા, નેસલે, ઈન્ફોસિસ, ડો.રેડ્ડીઝ લેબ્સ, સ્ષ્સ્ના શેર જોવા મળ્યા. નિફ્ટીમાં ટોપ લૂઝર્સમાં એનટીપીસી, ્છ્છ ઝ્હજ. ઁદ્બિં, કોઈલ ઈન્ડિયા, એસબીઆઈ, રિલાયન્સના શેર રહ્યા જ્યારે સેન્સેક્સમાં એનટીપીસી, એસબીઆઈ, એક્સિસ બેંક, રિલાયન્સ, કોટક મહિન્દ્રાના શેર ટોપ લૂઝર્સમાં રહ્યા.

અઠવાડિયાના ચોથા કારોબારી દિવસે શેરબજાર આજે લીલા નિશાન સાથે ખુલ્યા હતા. સેન્સેક્સ આજે ૩૩૪.૨૨ પોઈન્ટના ઉછાળા સાથે ૫૮૬૮૪.૭૫ ના સ્તરે ખુલ્યો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક નિફ્ટી આજે ૯૧.૬૦ પોઈન્ટની તેજી સાથે ૧૭૪૭૯.૮૦ ના સ્તરે ખુલ્યો હતો. પણ જેમ જેમ દિવસ વીતતો ગયો તેમ તેમ શેરબજાર તૂટતું જોવા મળ્યું.

## કોમનવેલ્થ ગેમ્સમા તુલિકા માને જુડોમાં સિલ્વર મેડલ જીત્યો

### ભારતના તેજસ્વીન શંકરે એથલેટિક્સની ઊંચી કૂદમાં ૨.૨૨ મીટરની છલાંગ લગાવી અને દેશ માટે પહેલો બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો





બર્મિંઘમ, તા.૪

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨મા ભારતને વધુ એક સિલ્વર મેડલ મળ્યો છે. ભારતની જૂડિકા તુલિકા માને જૂડો ૭૮ કિલો વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો છે. જૂડો ઈવેન્ટમાં આ ભારતનો બીજો સિલ્વર અને એક બ્રોન્ઝ એમ કુલ ત્રીજો મેડલ છે. તો આજના દિવસમાં ભારતે બે બ્રોન્ઝ અને એક સિલ્વર મેડલ કબજે કર્યો છે. આ સાથે ભારતના કુલ મેડલોની સંખ્યા ૧૬ પર પહોંચી ગઈ છે. જૂડોમાં આ પહેલા સુશીલા દેવીએ સિલ્વર અને વિજય કુમાર યાદવે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

એથલેટિક્સમાં પણ ભારતને કોમનવેલ્થ ગેમ્સનો પહેલો મેડલ મળ્યો છે. આ મેડલની ખાસિયત એ નથી કે તે ૨૨માં કોમનવેલ્થ ગેમ્સમાં આ સ્પર્ધાઓનો પહેલો મેડલ છે પણ એ છે કે જે ખેલમાંથી આ મેડલ આવ્યો છે તેમાં આ અગાઉ ભારતે ક્યારેય મેડલ જીત્યો નથી. તેજસ્વીન શંકરે ભારતને ઊંચી કૂદમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. નેશનલ રેકોર્ડધારી તેજસ્વીન શંકરે એથલેટિક્સની ઊંચી કૂદમાં ૨.૨૨ મીટરની છલાંગ લગાવી અને દેશ માટે પહેલો બ્રોન્ઝ જીત્યો. તેમનું સીઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન ૨.૨૭ મીટર છે જ્યારે પર્સનલ બેસ્ટ પ્રદર્શન ૨.૨૯ મીટર છે. ભારતના સ્ટાર સ્ક્વોશ પ્લેયર સૌરવ ઘોસાલે ઈંગ્લેન્ડના ખેલાડીને હરાવી બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. આ સાથે સૌરવ ઘોષાલે ઈતિહાસ પણ રચી દીધો છે. તે કોમનવેલ્થ ગેમ્સમાં સ્ક્વોશ સિંગલ્સ ઈવેન્ટમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની ગયો છે. સૌરવ ઘોસાલે બ્રોન્ઝ મેડલ મેચમાં ઈંગ્લેન્ડના જેમ્સ વિલસ્ટ્રોપને ૧૧-૬, ૧૧-૧, ૧૧-૪ થી પરાજય આપ્યો છે.

## ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનું પ્રધાનમંત્રી મોદી દ્વારા ઈ-લોકાર્પણ

### ૨૦૦ કરોડથી વધુના ખર્ચે ૮ એકર જમીનમાં હોસ્પિટલ તૈયાર કરાઇ : જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થશે : લોકોને અન્ય શહેરમાં સારવાર માટે નહીં જવું પડે






વલસાડ, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વલસાડને આરોગ્યધામની ભેટ આપી છે. ધરમપુરમાં ૨૫૦ બેડની શ્રીમદ રાજચંદ્ર મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનું વીડિયો કોન્ફરન્સિંગથી પીએમ મોદીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. ઁસ્ મોદીએ ઈ-લોકાર્પણ કરી લોકોને ભેટ આપી છે. આ હોસ્પિટલ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે. ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનું પ્રધાનમંત્રી મોદીએ ઉદ્‌ઘાટન કરતા જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થશે. લોકોને અન્ય શહેરમાં સારવાર માટે નહીં જવું પડે. ૨૦૦ કરોડથી વધુના ખર્ચે ૮ એકર જમીનમાં અદ્યતન હોસ્પિટલ તૈયાર કરાઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ડબલ એન્જિન સરકારનો આપણને લાભ મળી રહ્યો છે. સૌના સાથ અને સૌના વિકાસ માટે ગુજરાત સરકાર કટીબદ્ધ છીએ. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આગામી ૧૩થી ૧૫ ઓગસ્ટ દરમિયાન તિરંગો લહેરાવવો. ૧ કરોડ ઘરો પર તિરંગો લહેરાવવામાં આવે તેવી નેમ છે.

આ પ્રસંગે પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજે મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલનો ઉદ્‌ઘાટન અને એનિમલ હોસ્પિટલનો શિલાન્યાસ કરાયો છે. શાસ્ત્રોમાં કહેવાયું છે, ૧૦૦ જીવતી ગુણાયસ્ય, ધર્મો યસ્ય જીવતી, એટલે જેમના ગુણધર્મ જેમના કર્તવ્ય જીવીત રહે છે તે જીવીત રહે છે, અમર રહે છે. જેમના કર્મ અમર હોય છે તેમની ઉર્જા અને પ્રેરણા પેઢીઓ સુધી સમાજની સેવા કરતી રહે છે. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરનો આજનો કાર્યકર્મ આજ શાસ્વત ભાવનું પ્રતિક છે.

## દેશમાં 5G સેવાઓ ૧૫મીએ લોન્ચીંગની શક્યતા

### રિલાયન્સ જીયો ૧૫મી ઓગસ્ટે લોન્ચ કરી શકે છે ૫ર સેવાઓ : ભારતમાં ૫ર મોબાઈલ સર્વિસ લોન્ચની સાથે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવા જઈ રહ્યા છીએ : આકાશ અંબાણી




મુંબઈ, તા.૪

૫ર સ્પેક્ટ્રમની હરાજીમાં બધા ૨૨ ટેલીકોમ સર્કલ માટે બોલી લગાવનાર રિલાયન્સ જીયો ૧૫મી ઓગષ્ટના દિવસે ૫ર મોબાઈલ સેવાઓ લોન્ચ કરી શકે છે. એવું કહેવાઈ રહ્યું છે કે, બધી ટેલીકોમ કંપનીઓ જેમણે ૫ર સ્પેક્ટ્રમ મેળવ્યા છે તે કંપનીઓમાંથી સૌથી પહેલાં રિલાયન્સ જીયો 5G મોબાઈલ સેવાઓ લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ અઠવાડિયામાં રિલાયન્સ ઈંફોકોમના ચેરમેન આકાશ અંબાણીએ કહ્યું હતું કે, સમગ્ર ભારતમાં ૫ર મોબાઈલ સર્વિસ લોન્ચ કરવાની સાથે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવા જઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે, રિલાયન્સ જીયો વર્લ્ડ ક્લાસ, પોસાય તેવા દરે 5G અને 5G ઈનેબલ્ડ સેવાઓ ઓફર કરવા જઈ રહ્યું છે. અમે એવી સેવાઓ, પ્લેટફોર્મ, સોલ્યુશન આપવાઓ જઈ રહ્યા છીએ જે શિક્ષણ, સ્વાસ્થ્ય, કૃષિ, ઉત્પાદન અને ઈ-ગવર્નન્સના ક્ષેત્રમાં ડિજિટલ ક્રાંતિને ઝડપી બનાવવાનું કામ કરશે. રિલાયન્સ જીયોએ પણ પોતાના નિવેનદમાં કહ્યું છે કે, જીયો સૌથી ઓછા સમયગાળામાં 5G મોબાઈલ સર્વિસ શરુ કરવા જઈ રહ્યું છે.

## ભોપાલમાં ભ્રષ્ટાચારી ક્લાર્કના ઘરમાંથી ૮૫ લાખથી વધુ રોકડ મળી

### દરોડાની કાર્યવાહીમાં સંપત્તિનો ખુલાસો થતા ભ્રષ્ટાચારી ક્લાર્ક એ હદે ગભરાયો કે તેણે બાથરૂમ ક્લિનર પી લીધું

ભોપાલ, તા.૪

મધ્ય પ્રદેશના ભોપાલમાં રાજ્યની આર્થિક અપરાધ શાખાની ટીમે ચિકિત્સા શિક્ષણ વિભાગના એક ક્લાર્કના ત્યાં રેડ મારી. દરોડા દરમિયાન ટીમને જે મળ્યું તે જાણીને દંગ રહી જશો.



ઘરમાં એક કે બે નહીં પરંતુ ૮૫ લાખ રૂપિયા કેશ મળી આવી. આ ઉપરાંત ક્લાર્કના ઘરમાંથી ૪ કરોડ રૂપિયાની પ્રોપર્ટીના કાગળો પણ મળ્યા છે. ક્લાર્કના ઘરની બહાર ૩ ચાર પૈડાવાળી ગાડીઓ અને લાખોની જ્વેલરી પણ મળી છે.

અત્રે જણાવવાનું કે આ ભ્રષ્ટાચારી વ્યક્તિ હીરો કેસવાની ચિકિત્સા શિક્ષણ વિભાગમાં ક્લાર્કના પદે કાર્યરત હતો. બુધવારે સવારે ૬ વાગે આ ભ્રષ્ટાચારી બાબુના બેરાગઢ સ્થિત આલીશાન મકાન પર અચાનક ટીમ પહોંચી ગઈ. જઈને જોયું તો બધા દંગ રહી ગયા. ટીમે ઘરમાં ઘૂસીને એક એક ચીજ ફંફોળવાની શરૂ કરી દીધી. પછી તો એક પછી એક નોટોના બંડલ સામે આવવા લાગ્યા.